# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2025-26/360 Dt. 12/03/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ગલ્ફમાં યુદ્ધની પરિસ્થિતિ વચ્ચે કાચા માલ અને ઈંધણની અછત અંગે ચેમ્બરની વડાપ્રધાનશ્રી અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને રજૂઆત

### ઔદ્યોગિક ઈંધણ અને કાચા માલ માટે સ્થિર ભાવ વ્યવસ્થા જાળવવાની માંગ સાથે સપ્લાય સરળ બનાવવા સરકારને ચેમ્બરની અપીલ : ચેમ્બર પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી

### ઉદ્યોગોને નેચરલ ગેસ અને એલએનજીનો પૂરતો અને અવિરત પુરવઠો મળી રહે તે માટે વૈકલ્પિક સોર્સિંગ વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવે તેવી પણ ચેમ્બરે માંગ કરી

**સુરતઃ** ગલ્ફ વિસ્તારમાં ચાલી રહેલી તણાવભરી પરિસ્થિતિ અને શિપિંગ માર્ગોમાં ઊભા થયેલા વિક્ષેપના કારણે કાચા માલ અને ઔદ્યોગિક ઈંધણની સપ્લાય ચેઇન પર પડતી ગંભીર અસરને ધ્યાનમાં રાખીને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા આજરોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી તથા ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઇ સંઘવી, નાણાં મંત્રી શ્રી કનુભાઇ દેસાઇ અને સુરતના જિલ્લા કલેકટર તેમજ ડિસ્ટ્રિકટ મેજિસ્ટ્રેટ ડો. સૌરભ પારધીને રજૂઆત કરવામાં આવી છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ચેમ્બર દ્વારા રજૂઆત કરવામાં આવી છે કે, ભારતના ઔદ્યોગિક ક્ષેત્રનો મોટો હિસ્સો ગલ્ફ પ્રદેશમાંથી આયાત થતા કાચા માલ, પેટ્રોકેમિકલ ડેરિવેટિવ્સ,

લિક્વિફાઇડ નેચરલ ગેસ (LNG), ક્રૂડ ઓઇલ તથા અન્ય આવશ્યક ઔદ્યોગિક એકમો પર નિર્ભર છે. હાલની ભૂરાજકીય પરિસ્થિતિ અને શિપિંગ માર્ગોમાં ઊભા થયેલા વિક્ષેપને કારણે આ મહત્વપૂર્ણ સંસાધનોની ઉપલબ્ધતા તેમજ તેમની કિંમતો પર ગંભીર અસર પડી રહી છે, જેના કારણે ઉદ્યોગોને અનેક પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે.

સુરત સહિત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગો, ખાસ કરીને ટેક્ષ્ટાઇલ, કેમિકલ્સ, પેટ્રોકેમિકલ્સ, સિરામિક્સ, એન્જિનિયરિંગ, સ્ટીલ રી–રોલિંગ, પ્લાસ્ટિક્સ તથા એમએસએમઇ ક્ષેત્રોમાં નેચરલ ગેસ તથા અન્ય ઔદ્યોગિક ઈંધણની અછત, ક્રૂડ ઓઇલ ડેરિવેટિવ્સ અને પેટ્રોકેમિકલ ફીડસ્ટોકના ભાવોમાં વધારો, આયાતી કાચા માલની સપ્લાય ચેઇનમાં વિક્ષેપ તથા વૈશ્વિક અનિશ્ચિતતાને કારણે ફ્રેઇટ અને લોજિસ્ટિક્સ ખર્ચમાં વધારા જેવી ગંભીર સમસ્યાઓ ઉભી થઈ રહી છે.

આ પરિસ્થિતિના કારણે અનેક ઔદ્યોગિક એકમોમાં ઉત્પાદનમાં ઘટાડો તથા સંચાલન ખર્ચમાં વધારો થતો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને ગેસ આધારિત ઉદ્યોગો પર તેની અસર વધુ ગંભીર રીતે પડી રહી છે. જો આ પરિસ્થિતિ લાંબા સમય સુધી ચાલુ રહેશે તો તેની પ્રતિકૂળ અસર એક્ષ્પોર્ટ, રોજગાર તથા સમગ્ર પ્રદેશની આર્થિક પ્રવૃત્તિઓ પર પડી શકે છે.

આ સંજોગોને ધ્યાનમાં રાખીને ચેમ્બરે કેન્દ્ર તથા રાજ્ય સરકારને વિનંતી કરી છે કે, ઉદ્યોગોને નેચરલ ગેસ અને એલએનજીનો પૂરતો અને અવિરત પુરવઠો મળી રહે તે માટે વૈકલ્પિક સોર્સિંગ વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવે. ઉપરાંત, કાચા માલ અને ઈંધણની અછતનો સામનો કરતા ઉદ્યોગો માટે રાહત પગલા માટે નીતિ બનાવવામાં આવે. મહત્વપૂર્ણ ઔદ્યોગિક એકમોના પુરવઠાને સરળ બનાવવા માટે આયાત તથા લોજિસ્ટિક્સ સપોર્ટ ઉપલબ્ધ કરાવવામાં આવે અને જરૂરી ઔદ્યોગિક ઈંધણ તથા કાચા માલ માટે ભાવ સ્થિરતા જળવાઈ રહે તે માટે યોગ્ય વ્યવસ્થા પર વિચાર કરવામાં આવે તેવી માંગ પણ કરવામાં આવી છે.

ચેમ્બરે વધુમાં રજૂઆતમાં જણાવ્યું છે કે, અચાનક સપ્લાય વિક્ષેપથી સૌથી વધુ અસરગ્રસ્ત એમએસએમઇ ક્ષેત્રને વિશેષ સહાય પૂરી પાડવી જરૂરી છે. સાથે જ ઈંધણ પુરવઠા સંસ્થાઓ અને ક્રૂડ ઓઇલ આધારિત ઉત્પાદનોના સપ્લાયરોને કડક સૂચનાઓ આપવામાં આવે કે તેઓ સર્વોચ્ચ નૈતિક વ્યવસાયિક ધોરણોનું પાલન કરે અને આ સંવેદનશીલ સમયમાં કોઈપણ પ્રકારની અતિશય નફાખોરી અથવા અટકળ આધારિત કિંમતો અપનાવવાથી દૂર રહે. કિંમતો જાળવી રાખીને ઈંધણ અને ક્રૂડ ઓઇલ આધારિત કાચા માલનો પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવે, જેથી ઉદ્યોગો પર અનાવશ્યક આર્થિક ભાર ન પડે.

ચેમ્બરે અંતમાં જણાવ્યું છે કે, ઉદ્યોગ ક્ષેત્રે હંમેશા ભારત સરકારના આત્મનિર્ભર ભારત અને આર્થિક વિકાસના મિશનમાં મજબૂત સહયોગ આપ્યો છે અને દેશના આર્થિક વિકાસમાં યોગદાન આપવા માટે પ્રતિબદ્ધ છે. આ સંકટના સમયે સરકાર સમયસર હસ્તક્ષેપ કરીને સહાય કરશે તો ઉદ્યોગોને તેમની કામગીરી ચાલુ રાખવામાં તથા રોજગાર સુરક્ષિત રાખવામાં મોટી મદદ મળશે તેવી ભારત સરકાર અને ગુજરાત સરકારને વિનંતી કરવામાં આવી હતી.